અપીલ અરજી નં.૨૮૭ તા .૨૧–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હિતેન્દ્ર કંચનલાલ ભુતવાળા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિતેન્દ્ર કંચનલાલ ભુતવાળાની તા. ૧૧–૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) શું પ્લાન, રજાચિઠ્ઠી વિના સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલઝોનમાં મિલ્કત બાંધી શકાય ? માહિતી હા અથવા ના માં આપવી વિ. મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૮૭/૨૦૧૧–૧૨

શ્રી હિતેન્દ્ર કંચનલાલ ભુતવાળાની તા. ૧૧–૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) શું પ્લાન, રજાચિઠ્ઠી વિના સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલઝોનમાં મિલ્કત બાંધી શકાય ? માહિતી હા અથવા ના માં આપવી વિ. મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/ આઉટવર્ડ નં./૯૯૪ તા.૮–૯–૧૧થી માહિતી અધુરી આપી હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા મુદ્દા નં.ર અંગે વૈધાનિક–નિયમોનુસારની જોગવાઈ સહ સ્પષ્ટ કરવા તથા મુદ્દા નં.૪ અંગે પ્લાન મંજુરી રજીસ્ટર આધારિત દફતરી હકીકત સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૬૯ તા.૧–૧૦–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અધુરી માહિતી અંગે મુદ્દાવાર આધાર સહ વિગતો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૩૯૩ તા.૨૫–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૯૪ તા.૮–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૧–૮–૧૧ ની અરજીથી વોર્ડ નં.૬ નોંધ નં.૧૩૫૯ વાળી મિલ્કત બાબતે પ્લાન રજાચિઠ્ઠી અને બીયુસી બાબતેની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૯૪ તા.૮–૯–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) શું પ્લાન, રજાચિઠ્ઠી વિના સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલઝોનમાં મિલ્કત બાંધી શકાય ? માહિતી હા અથવા ના માં આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગપાલિકાના સેન્ટ્રલઝોનમાં કોઈ પણ મિલ્કતનું બાંધકામ કરતાં પહેલા જીડીસીઆર મુજબ વિકાસ પરવાનગી મેળવવી જરૂરી છે. તેવું જણાવેલ છે. મુદ્દા ન..(૨) જો સુરત મહાનગપાલિકાના રેકોર્ડ વિભાગમાં પ્લાન રજાચિઠ્ઠી વિશે માહિતી ઉપલબ્ધ ન હોય તો સદર બાંધકામ ગેરકાયદેસર રીતે કરવામાં આવ્યું છે તેમ માની શકાય. માહિતી હા અથવા ના માં આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ મુજબ ફકત રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે કોઈ પણ જાતનો અભિપ્રાય કે કારણો આપવાના હોતા નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) જો પ્લાન રજાચિઠ્ઠી વિના કોઈ મિલ્કતનું બાંધકામ કરવામાં આવ્યું હોય તો સુરત મ્યુ. કોર્પો. કયા પગલા લઈ કાયદાકીય માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જો પ્લાન રજાચિઠ્ઠી વિના કોઈ મિલ્કતનું બાંધકામ આવ્યું હોય તો સુરત મ્યુ. કોર્પો. ધ્વારા બીપીએમસી એકટની કલમ–૨૬૦(૧ (અ) મુજબ કાર્યવાહી કરવાની રહે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) વોર્ડ નં.૬ નોંધ નં.૧૩૫૯ વાળા મિલ્કતના અનુસંધાને એસએમસી પાસે પ્લાન, રજાચિઠ્ઠી કે બીયુસી નથી તે સદર બાંધકામ ગેરકાયદેસર છે તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ મુજબ ફકત રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે. કોઈ પણ જાતનો અભિપ્રાય કે કારણો આપવાના હોતા નથી. તેવું જણાવેલ છે. જે બાબતે માહિતી અધૂરી આપવામાં આવેલ છે તેવું જણાવી મળેલા નિર્ણય સામે અરજદારે તા.૨૧–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અપીલ તબકકે બંને પક્ષકારોને પોતાનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારને અધૂરી માહિતી અંગે આધારસહ સ્પષ્ટતા માંગવામાં આવેલ. પરંતુ અરજદારે અપીલ સાથે કે અપીલ તબકકે પોતાનો પક્ષ રજૂ કરવામાં સફળ રહેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જણાવવામાં આવેલ છે.

અરજદારે અરજીના મુદ્દા નં.૨ માં ધારણા–અનુમાન આધારીત રજૂઆત કરેલ છે. આ બાબત પ્રત્યેક કેસોના હકીકત અને ગુણદોષ પર દફતરી ઉપલબ્ધ હકીકત અનુસાર નિર્ભર રહે. જયારે મુદ્દા નં.૪ અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને સ્પષ્ટ માહિતી મળેલ જણાતી નથી તે અંગે બાંધકામ પરવાનગી રજીસ્ટર કે ગેરકાયદે બાંધકામ કાર્યવાહી રજીસ્ટર કે આનુષાંગિક દફતર પરથી હકીકત જણાવવી રહે. વિકલ્પે તેની તપાસણી અરજદારને પૂરી પાડવી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪ ની માહિતી ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતે સ્પષ્ટ રીતે પૂરી પડાયેલ ન હોઈ તે બાબતે દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવા –વિકલ્પે– તેવા દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને અત્રે ની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ઝોનચલીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી હિતેન્દ્ર કંચનલાલ ભુતવાળા,